ગાંધીનગર સમાચાર
તા. ૨૯-૪-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### ફારૂક અબ્દુલ્લાનો ધ્રુજારો ગેરવાજબી

ચૂંટણીના ઉત્તરાર્ધમાં જયારે કાશ્મીર અને ગુજરાત સહિત દેશના અનેક વિસ્તારોની ૮૯ જેટલી બેઠકોનો પ્રચાર થંભી જવાની અણી પર આવ્યો છે એ સમયે જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને વર્તમાન કેન્દ્રીય મંત્રી ડો. ફારુક અબ્દુલ્લાએ એમની ચૂંટણીસભાઓમાં જે બેફામ નિવેદનો ઝીંકવા માંડ્યા છે તે એમના જેવા શાણા અને ઠરેલ રાષ્ટ્રીય નેતા માટે કોઈપણ રીતે શોભાસ્પદ નથી. એમણે બોમ્બ ધડાકાઓ અને દહેશતગર્દોના હુમલાઓથી ડર્યા વગર નેશનલ કોન્ફરન્સની ચૂંટણી સભાઓ સંબોધી તે બદલ એમની હિંમતને દાદ દેવી રહી, પરંતુ એમના હૈયે ભંડારાયેલો ઉકળાટ નરેન્દ્ર મોદી સંદર્ભે બહાર આવ્યો તે ઘણી કમનસીબ બાબત છે. દેશને કોમવાદી તત્વોના હવાલે ન જ થવા દેવાય ત્યાં સુધીના એમના નિવેદન સામે ભાગ્યે જ કોઈને વાંધો હોઈ શકે, ચૂંટણીપંચ પણ આ પ્રકારના અભિપ્રાય સામે વાંધો નહીં ઉઠાવી શકે, પરંતુ જયારે તેઓ કોમવાદી માનસ ધરાવતા નેતા વડાપ્રધાન બનશે તો કાશ્મીર ભારત સાથે રહેશે નહીં - એવું વિધાન કરતા હોય ત્યારે એમની આવી ધમકીને દેશદ્રોહ જ ગણવી રહી. અબ્દુલ્લા ખાનદાને કાશ્મીરને ભારત સાથે જોડાયેલું રાખવામાં ઐતિહાસિક ભૂમિકા ભજવી હતી અને આજદિન સુધી કાશ્મીરનાં અલગતાવાદી જૂથો સામે એ સામી છાતીએ લડતું રહેલ છે, તે કબૂલ. ગિલાની, યાસીન મલકે અને પીડીપી જેવી રાજકીય પાર્ટીનાં નેતા મહેબૂબા મુફ્તી સુધ્ધાં વારંવાર કાશ્મીરની સ્વતંત્રતા અને લોકમત સંગ્રહની માગણી કરતાં રહ્યાં છે. તેવા સમયે અબ્દુલ્લા પરિવાર દીવાલની જેમ હિંદુસ્તાન સાથેનું કાશ્મીરનું જોડાણ અફર હોવાની વાત કરતો રહ્યો છે. શેખ અબ્દુલ્લાથી માંડી ઓમર અબ્દુલ્લા સુધીની ત્રણ-ત્રણ પેઢીઓએ જમ્મુ અને કાશ્મીરને સાચવ્યું પણ છે અને શાસક તરીકે ભોગવ્યું પણ છે. બલકે ફારુક અબ્દુલ્લા તો વાજપેયી સરકારમાં પણ મંત્રીપદું ભોગવી ચૂક્યા છે. ઓમર અબ્દુલ્લાએ મોદીનું મોજું હોવા વિશે શંકા સેવનારાઓ મૂર્ખાઓના સ્વર્ગમાં રાચતા હોવાનું નિવેદન કર્યું ત્યારે રાજકીય પંડિતો એમ માનવા લાગેલા કે જરૂર પડયે નેશનલ કોન્ફરન્સ ફરી પાછી પાટલી બદલીને એનડીએ સાથે જોડાઈ શકે છે. મૂળે તો પિતા-પુત્રની જોડી કેન્દ્ર અને રાજયમાં પોતાનો દબદબો અકબંધ રાખવા કૃતસંકલ્પ હોવાનું જગ જાહેર છે. પરંતુ મોદીનો વિરોધ કરનારાઓને પાકિસ્તાન મોકલાવી દેવા જોઈએ એમ કહેનાર ગિરિરાજ સિંહના વિવાદાસ્પદ વિધાન સામે ડો. ફારુક અબ્દુલ્લાએ મિજાજ ગુમાવીને મોદીને સમર્થન આપનારાઓએ દરિયામાં ડૂબી મરવું જોઈએ અને મોદી વડાપ્રધાન બનશે તો કાશ્મીર હિંદુસ્તાનથી અલગ થઈ જશે-જેવાં આત્યંતિક વિધાન કરીને એમનું પોત પ્રકાશ્યું છે. કાશ્મીરના નામે હિંદુસ્તાનની લોકશાહી સામે પોતાની શરતો લાદવાનું વલણ કોઈ પણ રીતે ઉચિત નથી. તમામ રાજકીય પક્ષોએ ડો. ફારુક અબ્દુલ્લાની આ ધમકીને વખોડી કાઢવી જોઈએ.

## પેન્શનર્સ સમાજની માસિક બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની માસિક બેઠક સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને તા. ૧ મે ગુરુવાર બપોરે ૪-૦૦ વાગે સંસ્થાના કાર્યાલય સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સેકટર-૨૨ ખાતે મળશે. બેઠકમાં પેન્શનર્સ સમાજના સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા મંત્રી ડીપી. સંઘાણીએ જણાવ્યું છે.




સમગ્ર દેશમાં આ વખતની ચૂંટણીને લઈને મતદાતાઓમાં અને સેવાભાવી સંસ્થાઓમાં ઉત્સાહ વધારે છે ત્યારે ગાંધીનગરની કડી કોલેજની બહાર નવ નિર્માણ સેના અને ધ હેલપીંગ હેન્ડસ દ્વારા સો ટકા મતદાન કરવા માટે જન જાગૃતિ અભિયાન યોજવામાં આવ્યું હતું. અભિયાનમાં કોલેજના ૮૦૦ થી વધારે વિદ્યાર્થીઓને મતદાન વિશેની વિસ્તૃતમાં માહિતી પુરી પાડવામાં આવી હતી.

## હરિની દૃષ્ટિ...




તમે મને ખોટા વાયદા કર્યા હતાં તેનુ શું પરિણામ આવ્યું તે યાદ કરો, અને વિચારો પ્રજાને આટલા બધા ખોટા વાયદાનું પરિણામ શું આવશે?

## ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસિએશન અન્ડર-૧૬, ૧૯ અને સિનિયર ખેલાડીઓની સ્પર્ધા યોજશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસિએશન દ્વારા દર વર્ષે ઈન્ટર ડિસ્ટ્રીક ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે. ટુર્નામેન્ટમાં અન્ડર-૧૬, અન્ડર-૧૯ અને સિનિયર ખેલાડીઓ સિલેક્શન સચિવાલય જીમખાના મેદાન સેક્ટર-૨૧ ખાતે યોજવામાં આવશે.

ગાંધીનગર જિલ્લાના યુવાનોની ક્રિકેટમાં કારકિર્દી બને અને ક્રિકેટમાં રસ ધરાવતા યુવાનો માટે ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસિએશન દ્વારા અન્ડર-૧૬, અન્ડર-૧૯ અને સિનિયર ખેલાડીઓ માટે ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધાનો તા. ૨૩ મે ના રોજ આરંભ થશે.

ત્યારે આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓએ ક્રિકેટ ડ્રેસ પહેરીને અને જન્મના પ્રમાણપત્રની નકલ સાથે ઉપસ્થિત રહેવુ. જેમાં અન્ડર-૧૬ ખેલાડીઓએ તા. ૩ મે, સવારે ૭.૦૦ કલાકે, અન્ડર-૧૯ ખેલાડીઓએ તા. ૪-મે, સવારે ૭.૦૦ કલાકે અને સિનિયર ખેલાડીઓએ તા. ૧૦ મે, સવારે ૭.૦૦ કલાકે સેક્ટર-૨૧ જીમખાના મેદાનમાં ઉપસ્થિત રહેવુ.

## ઓમલેન્ડ સ્કૂલ ચિલોડાના વિદ્યાર્થીઓએ જનજાગૃતિ રેલી યોજી

ગાંધીનગર, તા. ૨૮

દેશમાં લોકસભાની ચૂંટણીઓ યોજાઈ રહી છે ત્યારે ચૂંટણી પંચ દ્વારા ૧૦૦ ટકા મતદાન કરાવવા માટે જન જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. ચિલોડા મોટાની ઓમલેન્ડ માર્ક સ્કૂલ દ્વારા પણ ગામમાં જનજાગૃતિ રેલી યોજવામાં આવી હતી. ગાંધીનગર તાલુકાના ચિલોડામોટા ગામે આવેલી ઓમલેન્ડમાર્ક સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ બેનરો અને સૂત્રોચ્ચાર કરી ચિલોડાના અલગ અલગ વિસ્તારોમાં રેલી યોજવામાં આવી હતી. મતદાન આપણો અધિકાર જેવા સૂત્રો પોકારતા હતા. તેમજ ગામના નાગરિકોને મતદાન અચૂક કરવા સમજાવવામાં આવ્યા હતા.

# મતદાન પહેલા જ મતદાન સ્લીપમાં અનેક છબરડાઓ

અમદાવાદ, તા. ૨૮

શહેરમાં આગામી તા. ૩૦મી એપ્રિલના રોજ યોજાનારી લોકસભાની ચૂંટણીની ગુજરાત રાજ્યમાં ઠેર-ઠેર તૈયારીઓ ચાલી રહી છે. અલગ અલગ હસ્તીઓ પણ જે તે પાર્ટીના પ્રચાર માટે આવી રહી છે. આ ઉપરાંત ૩૦મી એપ્રિલના મતદાન હોવાથી ઘરે ઘરે મતદાન સ્લીપ પણ આપવામાં આવી છે. પરંતુ આ મતદાન સ્લીપમાં ખૂબ જ મોટા છબરડા જોવા મળ્યા છે પરંતુ ઈલેક્શન બ્રાંચ દ્વારા કોઈ પણ પ્રકારના આવી બાબતે પગલાં લેવામાં આવ્યા નથી.

અમદાવાદ શહેરમાં નારણપુરા સોલા રોડ વિસ્તારમાં કર્ણાવતી ફ્લેટમાં સ્લીપમાં આવી જ એક ભૂલ દેખાઈ છે. કર્ણાવતી એપાર્ટમેન્ટમાં રહેતી ધારા દરજી નામની મહિલાની વોટર આઈડીમાં મોટા છબરડો બહાર આવ્યો છે. ૩૦મી એપ્રિલના રોજ ગુજરાત રાજ્યભરમાં મતદાન હોવાથી હાલમાં ઠેર ઠેર વોટર આઈડી સ્લીપ આપવામાં આવી રહી છે. ત્યારે આ મહિલાની વોટર આઈડી સ્લીપ પર તેમનો ફોટો હોવાની જગ્યાએ કોઈ પુરૂષનો ફોટો હોવાનું જાણવા મળ્યું છે. જો કે ૨૦૧૨માં વિધાનસભાની ચૂંટણીમાં પણ આટલો મોટો છબરડો થયો હતો. બે દિવસ બાદ મતદાન હોવાથી આ મહિલાઓ પોતાના વોટર આઈડી સ્લીપ ઉપર પુરૂષનો ફોટો હોવાનું ઈલેક્શન બ્રાન્ચમાં રજુઆત કરી હતી તેમ છતાં તેની સામે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. આશ્ચર્યની વાત એ છે કે ઈલેકશન જેવી રાષ્ટ્રીય કામગીરીમાં આવી ભૂલો સરકારની કામગીરી સામે સવાલો ઉભા કરે છે. ઈલેકશન કમિશન આધુનિક સમયમાં હાઈટેક બનવાની જગ્યાએ પૌરાણિક બનતું જઈ રહ્યું છે. આ ઈલેક્શનમાં ચૂંટણી પંચ દ્વારા ઘણા છબરડાઓ થયા હતા. જેમ કે મુંબઈમાં તાજેતરમાં યોજાયેલ ચૂંટણી દરમ્યાન શહેરના સામાન્યથી લઈને પ્રતિષ્ઠિત લોકોના નામ મતદાર યાદીમાંથી ગાયબ થઈ ગયા હતા. જેના કારણે તેઓ મતદાન નહોતા આપી શક્યા. બીજી તરફ અમદાવાદમાં ૩૦મી એપ્રિલે યોજાનારી ચૂંટણીમાં અત્યારથી જ કોઈના કોઈ પ્રકારના છબરડા બહાર આવ્યા છે.

### મતદાર યાદીમાં નામ ન હોય તો હવેથી ઉમેરી શકાશે નહી

ગાંધીનગર, તા. ૨૮

મુખ્ય નિર્વાચન અધિકારી અનિતા કરવલે જણાવ્યું છે કે, આગામી તા. ૩૦ એપ્રિલ, ૨૦૧૪ બુધવારના રોજ ગુજરાતમાં લોકસભા સામાન્ય ચૂંટણીઓ અને સાત વિધાનસભા મતવિભાગની પેટાચૂંટણીઓ માટે મતદાન યોજાનાર છે. મતદારો કોઈપણ પ્રકારના લોભ-લાલચ કે શેહ-શરમ વગર નિર્ભર રીતે તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ગુજરાતના ચૂંટણી તંત્ર દ્વારા પર્યાપ્ત વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે.

કરવલે કહ્યું કે, મત આપવા માટે મતદારનું નામ મતદાર યાદીમાં હોવું જરૂરી છે. મતદારોએ ગુજરાત રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ **www.ceogujarat.gov.in** ઉપર જઈને તેમનું નામ મતદાર યાદીમાં છે કે નહીં તે અંગેની ચકાસણી અવશ્ય કરી લેવી જોઈએ. આ ઉપરાંત મતદારો મતદાર યાદીમાં તેમના નામની વિગતો ટોલ ફ્રી નંબર ૧૯૫૦ ઉપર ફોન કરીને પણ મેળવી શકે છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્ય નિર્વાચન અધિકારીએ કહ્યું કે મત આપવા માટે મતદારોએ મતદાર યાદીમાં તેમનું નામ છે કે નહીં તે અંગેની વિગતો પ્રાપ્ત કરવી અત્યંત જરૂરી છે. મત આપવા માટે મતદાર યાદીમાં નામની ચકાસણી સૌથી અગત્યની બાબત છે. જે વ્યક્તિનું નામ મતદાર યાદીમાં નામ નહીં હોય તો તે વ્યક્તિ મતદાન કરી શકશે નહીં. જો મતદાર યાદીમાં નામ નોંધણી માટેનો તબક્કો પૂરો થઈ ગયો હોઈ કોઈપણ વ્યક્તિ હવે તેમનું નામ મતદાર યાદીમાં લખાવી શકશે નહીં, એમ તેમણે ઉમેર્યું હતું.

કરવલે કહ્યું કે મતદાર યાદીમાં નામ હોય અને મતદાર ઓળખકાર્ડ ન હોય તો એવા મતદારો ચૂંટણી તંત્ર દ્વારા આપવામાં આવેલી ફોટોવાળી મતદાર ઓળખ સ્લીપ કે ભારતના ચૂંટણી પંચે માન્ય રાખેલા અન્ય ૧૦ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરીને મતદાન કરી શકશે.



'ગોરસ આંબલી' આ સીઝનનુ ઉત્તમ ફળ છે. બજારમાં ધીમે ધીમે દેખાય છે. પીઝા, બર્ગર પસંદ કરનાર નવી પેઢી માટે આ નવી વસ્તુ છે.
*(તસવીર : કશ્યપ નિમાવત)*

## નવી શાળાઓને સીસીટીવી વગર લીલીઝંડી મળશે નહીં

અમદાવાદ, તા. ૨૮

વેકેશન પછી શરૂ થનારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ધોરણની નવી શાળાઓ શરૂ કરવા અર્થેની મંજુરી પર રાજ્ય શિક્ષણ વિભાગે વિરામ મુકી દીધો છે. વાત એમ છે કે હવે આગામી શરૂ થનાર શાળાઓએ ફરજીયાત સીસીટીવી કેમેરા લગાડવા પડશે. જેની ખાતરી, સોગંદનામા થકી આપવાની રહેશે. ઉપરાંત હાલ જેટલી શાળાઓ અસ્તિત્વમાં છે અને જે શાળાઓએ શાળામાં સીસીટીવી નથી લગાવ્યા તેવી શાળાઓની યાદી તૈયાર કરવા શિક્ષણ વિભાગ દ્વારા આદેશ આપવામાં આવ્યો છે. શાળામાં વિદ્યાર્થીઓ અને શાળાની સુરક્ષા વ્યવસ્થિત સચવા અને પરીક્ષા દરમ્યાન ગેરરીતીઓ અટકે તેમજ શાળામાં શિક્ષણની કામગીરી વ્યવસ્થિત રીતે ચાલે તે હેતુસર રાજ્યના શિક્ષણ વિભાગે શાળામાં ફરજીયાત સીસીટીવી કેમેરા લગાવવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. નવી શરૂ થનારી શાળામાં શાળા સંચાલકો સોગંદનામા સીસીટીવી લગાવવાની બાંહેધરી આપશે તેઓને જ શિક્ષણ વિભાગ નવી શાળા શરૂ કરવા મંજુરી આપશે. સીસીટીવી ન લગાવનાર શાળાઓને મંજુરી આપવામાં આવશે નહીં. આ ઉપરાંત શિક્ષણ વિભાગે જે શાળામાં સીસીટીવી કેમેરા લગાડ્યા નથી તેવી શાળાઓની યાદી બનાવવા સ્થાનિક તંત્રને યાદી તૈયાર કરી રજુ કરવા હુકમ કર્યો છે.

# સ્વપ્નાવસ્થામાં ઈન્દ્રિયો સુઈ ગઈ હોય છે ત્યારે પણ ઈચ્છિત ભોગો નિર્માણ કરનાર જે પુરૂષ જાગે છે તે જ શુદ્ધ છે તે જ બ્રહ્મ છે, તે જ અમૃત છે

## સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

*ય એષુ સુપ્તેષુ જાગર્તિ કામંકામં પુરુષે ।*
*નિર્મિમાણ, તદેવ શુક્ર, તદ્બ્રહ્મ, તદેવમૃતમુચ્યતે ॥*

સ્વપ્ના વસ્થામાં ઈન્દ્રિયો સુઈ ગઈ હોય છે ત્યારે પણ ઈચ્છિત ભોગો નિર્માણ કરનાર જે પુરુષ જાગે છે તે જ શુદ્ધ છે તે જ બ્રહ્મ છે, તે જ અમૃત છે

*કઠ. ઉ. ૨-૨-૮*

સ્વપ્નાવસ્થા એ એક ખોગચર બાબત છે. વિશ્વના તમામ રાષ્ટ્રોમાં સ્વપ્ન વિષયક સંશોધનો થયા છે. સ્વપ્નો શાના આધારે સર્જાય છે? સ્વપ્ન શું ભાવિ જીવનનો કોઈ સંકેત આપે છે ખરા? આવનારા ઈષ્ટ કે અનિષ્ટ બનાવો અંગેના એંધાણો સ્વપ્નમાં મળે છે તેવી દંત કથામાં સત્યતા કેટલી? આવા ઘણા પ્રશ્નો વિશે સંશોધનો થાય છે મોટા ભાગના વૈજ્ઞાનિકોનું મંતવ્ય એવું છે કે લગભગ તમામ વ્યક્તિઓને સ્વપ્ના આવે છે ભાગ્યે જ ત્રણેક કલાક ઘસઘસાટ ઊંઘ આવે. બાકીનો સમય માનવી અર્ધજાગૃત સ્વપ્ના વસ્થામાં ગાળે છે. આ અવસ્થા દરમિયાન આ દેહનું કોણ ધ્યાન રાખે છે? નિદ્રા સમાપ્ત થતાં ફરી જાગૃત થઈએ ત્યારે, આગળના તમામ વ્યવહારો, સંબંધો તથા કર્માનું સાચું અનુસંધાન કોણ જોડી આપે છે? કઠઉપનિષદમાં યમ રાજા આવા પ્રશ્નના જવાબ આ મંત્રમાં આપે છે. 'માંડુક્ય ઉપનિષદ'માં આત્માના ચાર યાદ અંગે ચર્ચા છે. યાદ એટલે અવસ્થા અથવા તો સ્થિતિ. આત્મા તો અમૂર્ત છે અને દેહ સાથે તેનો અધ્યાસ જોડાયેલો હોઈ આ ચાર સ્થિતિ આપણે દેહમાં અનુભવીએ છીએ. આ ચાર સ્થિતિ એટલે જાગ્રત અવસ્થા, સ્વપ્ન અવસ્થા, સુષુપ્ત અવસ્થા, તુરિય અવસ્થા આમાં તુરિય અવસ્થા તો સંતો, યોગીઓ તથા સિદ્ધો માટે છે. સામાન્ય માનવી તો ત્રણ અવસ્થા અને તે સાથે જોડાયેલા શરીરના ત્રણ વિભાગ, સ્થૂળ, સૂક્ષ્મ તથા કારણ શરીર પૂરતા સીમિત છે.

જાગ્રત અવસ્થા માટે એ પહેલી સામાન્ય અવસ્થા છે આ અવસ્થામાં જીવ ત્રણે પ્રકારના શીરરો સાથે ઐક્યનો અનુભવ કરે છે. આ અવસ્થામાં જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિમાં સતત કાર્યશીલ રહે છે. ઈન્દ્રિયોના વિવિધ વિષય દર્શક પદાર્થો સાથે અનુસંધાન થાય છે. જેમ કે આમખ રૂપ નિહાળે છે તો કાન અનેક ધ્વનિ સાંભળે છે વિષય-ભોગથી થતા અનુભવોમાં કેટલાક અનુભવો સુખદાયક તથા કેટલાક દુઃખ દાયક પણ હોય છે. આવો દરેક અનુભવ પોતાની સૂક્ષ્મ અસર છોડતો જાય છે એટલે કે અનુભવ સ્થૂળ સ્વરૂપે પૂરો થઈ જાય છે પણ મન પર તેની અસર લાંબો સમય ટકે છે. મન આવા સંસ્કારોની નોંધ કાયમ રાખતું હોય છે થયેલા સુખદ અનુભવને તે વારંવાર લેવા ઈચ્છે છે તેથી સમાન સૌદર્ય ફરી ફરી જોવા આપણે સતત પ્રયત્ન કરીએ છીએ. સુખદ અનુભવથી મન કયારેય ધરાતું નથી. પરંતુ જે અનુભવ દુઃખદાયક હોય તેવા અનુભવથી દૂર રહેવાનું પસંદ કરે છે. જાગૃત અવસ્થાએ આપણી કર્મભૂમિ છે આ અવસ્થામાં જે કંઈ કર્મો કરવામાં આવે છે તે બંધનરૂપ અથવા તો બંધનમુક્ત હોય છે. કર્મનો સંબંધ આત્મા સાથે જોડાય છે સકામ કર્મ તથા કર્મ વિષયક સંકલ્પો પુનઃજન્મના કારણ રૂપ બને છે આ અવસ્થા જ મુક્તિ માટેનો માર્ગ દર્શાવનાર છે. જન્મ-મરણના ફેરામાં ફસાવું કે તેમાંથી કાયમ માટે મુક્તિ મેળવવી તે આ અવસ્થા પર આધારિત છે સ્થૂળ જાગૃતિ સાથોસાથ સાધક વિવેકાધિન સૂક્ષ્મ જાગૃતિની સાધના આ અવસ્થામાં કરી શકે છે. જેની બુદ્ધિ વિવેકાધિન છે. મુક્તિ માટે પ્રયત્ન કરે છે. આત્મ જ્ઞાન માટે સતત ઝંખના સેવે છે તે સાચા અર્થમાં જાગૃત મનાય છે.

સ્વપ્નાવસ્થા એ ન તો પૂરી જાગૃત અવસ્થા છે ન તો પૂરી સુષુપ્તિની તે અર્ધ જાગૃત અવસ્થા છે આ અવસ્થામાં તમામ ઈન્દ્રિયો આરામ કરે છે. આ સ્થિતિમાં સ્થૂળ દેહ સાથેનું તાદાત્મ્ય સાવ છૂટી જાય છે. પરીણામે તમામ ઈન્દ્રિયો પર કોઈ કશો પણ બોઝો પડતો નથી. આપણે જાણીએ છીએ કે જાગૃત જગતના તમામ વ્યવહારો ઈન્દ્રિયો મારફત ચાલે છે. મન તથા બુદ્ધિ માર્ગદર્શન આપે છે પણ સ્વપ્નાવસ્થામાં તો અંતઃકરણ પણ અર્ધજાગૃત હોય છે. મનનો ઈન્દ્રિય પરનો કાબૂ પણ પ્રમાણમાં શિથિલ થઈ જાય છે. સ્વપ્નવસ્થામાં કર્તવ્યબુદ્ધિ હોતી નથી. કાર્ય કરવું પડશે તેવી ભાવના પણ હોતી નથી. સ્વપ્નવસ્થા એ કર્મભૂમિ નહીં પરંતુ ભોગ ભૂમિ છે. તેમાં કોઈ નવા કાર્યો કરતા નથી વળી સ્વપ્નમાં જે કર્મો કરાતા જણાય તે માત્ર મિથ્યા હોઈ તેનું બંધન થતું નથી.

સ્વપ્ન-જગતનું સર્જન શાના આધાર પર થાય છે? જાગૃત અવસ્થામાં મન પર પડેલા સારા-નરસા સંસ્કારોના આધારે થાય છે. જાગૃત અવસ્થામાં જે- જે વાસનાઓ અધૂરી રહી જોય, જે- જે લાગણીઓ અભિવ્યકત ન થઈ જોય, જે વાતો કહેવાની ઈચ્છા હોય પણ બ્રાહ્ય દબાણને કારણે ન કહેવાઈ હોય. જે ઈચ્છાઓ અપૂર્ણ હોય. આ તમામ બાબતો સ્વપ્ન સૃષ્ટિનું સર્જન કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. સ્વપ્નમાં આપણે ઘણી વખત કયારેય ન જોયેલાં કે ન સમજેલા દૃશ્યો જોઈએ છીએ. કયારેય ન ગયા હોઈએ તેવા સ્થળો-પર્વતો જોતા હોઈએ છીએ. આના કારણમાં એવું જણાવાય છે કે સ્વપ્નનું અનુસંધાન અર્ધજાગૃત મન સાથે હોઈ પૂર્વ જન્મના સંસ્કારો પણ મૂર્તરૂપ તે લેતા હોય છે. જન્મ જન્માતરના સંસ્કારો આપણું ચિત્ત સંઘરી બેઠું છે તેમાંથી કોઈક સંસ્કાર અચાનક સપાટી પર આવતાં અવનવાં સ્વપ્નો સર્જાય છે.

મહત્વનો સવાલ એ છે કે અતૃપ્ત વાસનાને તૃપ્ત કરવા કઈ શક્તિ સ્વપ્નનું સર્જન કરે છે? સ્વપ્નનું સર્જન એ માનવે કરેલા સંકલ્પનું સર્જન છે. જેમાં જીવ પોતે સર્જનહારની ભૂમિકા ભજવે છે. તે પોતાની ઈચ્છા પ્રમાણે નવી સૃષ્ટિનું સર્જન કરે છે. આ સૃષ્ટિ બ્રહ્માની આ સૃષ્ટિ કરતાં અલગ પડે છે. જીવ પોતાની ઈચ્છા પ્રમાણે સૃષ્ટિ રચે તેમાં તેને કોઈ પ્રકારની સામગ્રીની જરૂર જ પડતી નથી. જે પોતાને વધારેમાં વધારે ઈષ્ટ હોય તે મોટાભાગે સ્વપ્નમાં વ્યકત થાય. આ ઉપરાંત સ્વપ્ન દરમિયાન જેમ-જેમ નવા નવા સંકલ્પો થતા જાય તેમ તેમ સ્વપ્ના બદલાયા કરે. નવી નવી સૃષ્ટિનું નિર્માણ થયા કરે. તેમાં ભાગ્યે જ એકસૂત્રતા જણાય. જીવ પોતે જ આ સૃષ્ટિનું નિમિત કારણ તથા ઉપાદાન કારણ છે. જેથી તે જ` કંઈરચે તેમાં તેનો પોતાનો અંશ હોય તે તો સ્વાભાવિ કછે. મતલબ કે રચનાર પણ પોતે અને જે જે રચાય તે પણ પોતે. જીવ જ દૃષ્ટા તથા દૃશ્ય બંનેની ભૂમિકા ભજવે છે. સ્વપ્નામાં આપણે સુખ તથા દુઃખ પણ અનુભવીએ એ જીવની પોતાની સ્થિતિને કારણે થાય છે. સ્વપ્નમાં સત્યવાદનું જ્ઞાન થતું નથી મન પર નિદ્રાનું જ આવરણ હોય છે. વિવેક બુદ્ધિ શાંત હોય છે.

સ્વપ્નાવસ્થામાં આપણે દૃશ્યો વધારે જોઈએ છીએ પણ અવાજો ભાગ્યે જ સંભળાય છે. સ્વપ્ન પૂરું થાય અને ્જ્યારે જાગૃતિ આવે ત્યારે તેનું મિથ્યાત્વ બરાબર સમજાય છે. કેટલાક લોકોને સ્વપ્નો યાદ રહે છે તો મોટાભાગના લોકો લગભગ ભૂલી જાય છે. ઘણી વખત તંદ્રામાં મનમાં ચાલતા વિચારોને આપણે સ્વપ્ન માનીએ છીએ પણ જો એ વિચાર વાસ્તવિક વિશ્વ સાથે કે પછી આપણી કોઈ દૈનિક સમસ્યા અંગે હોય તો તે સ્વપ્ન બનતા નથી. આજે જોયેલું આજ રાત્રે જ સ્વપ્નામાં આવે તેવું પણ ભાગ્યે જ બને છે. શ્રુતિ સ્વપ્નમાંથી જાગૃત થતાં આપણે સ્વપ્નને મિથ્યા માનીએ છીએ. તેની કોઈ અસર આપણા દૈનિક જીવન પર પડવા દેતા નથી. જાગૃતિમાં આવ્યા પછીની સ્થિતિ અલગ હોય છે. યમરાજા નચિકેતાને સમજાવતા કહે છે કે જેમ સ્વપ્નમાં જીવ સૃષ્ટિ રચે છે તેમ આ વાસ્તવિક સૃષ્ટિ પણ આત્મતત્વ રચે છે. આ વિશ્વનું નિમિત તથા કથાદાન કારણ બ્રહ્મ છે જો સ્વપ્નને આપણે મિથ્યા માનીએ તો એ પ્રમાણે આ વિશ્વને આ પ્રવેશ પણ મિથ્યા માનવો જોઈએ. અને બ્રહ્મને જ સત્ય માનવું જોઈએ.

ઋષિ સ્વપ્ન સૃષ્ટિના સર્જક માટે તે શુદ્ધ છે વળી શુક્ર-એટલે કે તેજોમય છે. તેજ અમૃત છે તેવાં વિશેષણો મુકે છે. ગાર્ગી યાસવલ્કયને પ્રશ્ન પૂછે છે જયારે સૌ સૃષ્ટિ સુઈ જાય છે સૂર્ય-ચંદ્ર-ચારા અગ્નિ કે વિદ્યુત કશું હોતું નથી. ત્યારે કોના પ્રકાશ દેખાય છે. યાજ્ઞવલ્કય કહે છે એ આત્માનો પ્રકાશ છે તે પોતે દૈદિપ્તમાન છે તમામ પ્રકાશ પાથરનાર પદાર્થો તેના તેજથી પ્રકાશે છે એ આત્મા જ આ દેહમાં છે. જે અવિનાશી, શુદ્ધ તથા તેજોમય હોઈ સ્વયં આ બ્રહ્મ છે.